PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૨/ક્વા-૦૧/૨૦૨૩-૨૪/ 1585-3 તારીખ : ૨૧-૦૫-૨૦૨૩

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
મેં. ઓમાનો ટાઈલ્સ
જેતપર રોડ ,
મું. પો. : બેલા (રંગપર), તા. : મોરબી, જી. : મોરબી,
પીન કોડ. : ૩૬૩૬૪૨
મોબાઈલ : ૯૮૨૫૯૧૪૨૬૮

વિષય : એચ.ટી. વીજજોડાણમાં લોડઘટાડો મંજુર કરવા અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. નીલ.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૦૨/ક્વા-૦૧/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, મોરબી.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, મોરબી-૨.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**e-mail:forum.pgvcl@gebmail.com**

**પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૨/ક્વા-૧/૨૩-૨૪/** 1585-3 ता. २९-०५-२०२३

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

**નોંધણી નંબર-૦૨/ક્વા-૧/૨૩-૨૪, તા.૧૫-૦૪-૨૦૨૩**

અરજદાર : મેં. ઓમનો ટાઈલ્સ, ગામ: બેલા

રજૂઆત કરનાર : અરજદાર વતી કાન્તીભાઈ ટી. આદ્રોજા અને એ.બી.કાસુન્દ્રા

**:: વિરુધ્ધ ::**

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – મોરબી -૨

રજૂઆત કરનાર : શ્રી જે.સી.ગોસ્વામી, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ.,વિભાગીય કચેરી, મોરબી–૨

**:: કોરમ ::**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી એન. જી. કારિયા

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : તા.૨૯.૦૪.૨૦૨૩ (શનીવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૯.૦૪.૨૦૨૩ (શનીવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી મે. ઓમાનો ટાઈલ્સ ના નામે ગ્રાહક નં. ૩૨૯૦૨ થી ૪૬૦ કેવીએનું એચ.ટી.વીજજોડાણ પીજીવીસીએલ મોરબી-૨ વિભાગીય કચેરી ખાતે ધરાવે છે, તા.૧૪.૦૨.૨૦૨૩ ના રોજ લોડ ઘટાડા માટે (૪૬૦ કેવીએ માંથી ૧૦૦ કેવીએ) અરજી કરેલ, પરંતુ વિભાગીય કચેરી દ્વારા પત્ર નં.૧૦૩૦ તા.૦૨.૦૩.૨૦૨૩ થી લોડ ઘટાડો નામંજુર કરેલ છે.

૨.૧ અરજદાર દ્વારા ડીસેમ્બર-૨૦૨૧ અગાઉ ૩૮૦ કેવીએનું વીજજોડાણમાં ૮૦ કેવીએ નો લોડવધારો માંગેલ જે તા.૨૮.૦૧.૨૦૨૨ થી મંજુર કરવામાં આવેલ ત્યારબાદ સીરામીક ઇન્ડસ્ટ્રીઝમાં મંદીના કારણે ડીસેમ્બર-૨૦૨૨ થી ઉત્પાદન બંધ કરેલ જે કારણોસર ફક્ત વીજજોડાણ ચાલુ રાખી શકાય તેમાટે ૧૦૦ કેવીએ ની જરૂરીયાત હોવાથી તા.૧૪.૦૨.૨૦૨૩ ના રોજ ૪૬૦ કેવીએ માંથી ઘટાડો કરીને ૧૦૦ કેવીએ નુ એચ.ટી. જોડાણ કરવા માટે વિભાગીય કચેરી મોરબી-૨ ખાતે અરજી કરવામાં આવેલ. જે અનુસંધાનને પીજીવીસીએલ ના પત્ર તા.૦૨.૦૩.૨૦૨૩ મુજબ લોડ વધારો ૩૮૦ કેવીએ માંથી ૪૬૦ કેવીએ તા.૨૮.૦૧.૨૦૨૨ ના રોજ થયેલ હોવાથી જેના ૦૨ વર્ષ પુરા થયેલ ન હોવાથી નિયમ અનુસાર લોડ ઘટાડો થઈ શકે નહિ.

૨.૨ અરજદારની રજુઆત મુજબ જે તે વખતે હયાત ૩૮૦ કેવીએના લોડમાં ૮૦ કેવીએનો વધારો માંગેલ હતો. પરંતુ
કરારિત વીજભાર ૩૮૦ કેવીએ ૦૨ વર્ષથી વધારે સમયથી ધરાવતા હોવાથી તેટલો લોડતો ઘટાડી જ શકાય
આમ પીજીવીસીએલ દ્વારા લોડ ઘટાડો નામંજુર કરેલ છે જે કુદરતી ન્યાયના સિદ્ધાત વિરુદ્ધ અન્યાયકર્તા અને
નાણાકીય રીતે નુકશાનકર્તા છે.

૨.૩ આમ, ઉપરોક્ત બાબતની રજૂઆત ધ્યાનમાં લઈને તા.૧૪.૦૨.૨૦૨૩ ની અસરથી તેઓને ૪૬૦ કેવીએ માંથી
૩૬૦ કેવીએ ઘટાડી ફકત ૧૦૦ કેવીએનું એચ.ટી. જોડાણ મંજુર કરી આપવા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ
રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ લેખિત રજૂઆત મે. ઓમનો ટાઈલ્સના
ગ્રાહકનં. ૩૨૯૦૨ થી મોરબી વિભાગીય કચેરી-૦૨ હેઠળ એચ.ટી. વીજજોડાણ ધરાવે છે. હાલ તેની કોન્ટ્રાકટ
ડીમાન્ડ ૪૬૦ કેવીએ છે. સદર ગ્રાહકના કરારીત વીજભાર અંગેની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ નંબર | વીજભાર | વિગત | રીલીઝ તારીખ |
|---|---|---|---|
| ૧ | ૪૦૦ | NEW | 18-SEP-2014 |
| ૨ | ૪૦૦+૪૦ | LE | NOV-18 (4.95) |
| ૩ | ૪૪૦-૬૦ | LR | MAY-21 |
| ૪ | ૩૮૦+૮૦ | LE | 28-JAN-2022 |
| ૫ | ૪૬૦-૩૬૦ | LR | FEB-23 → REJECT |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

આમ, ઉપરોક્ત વીજજોડાણમાં છેલ્લે તા.૨૮-૦૧-૨૦૨૨ ના રોજ ૩૮૦+૮૦ કેવીએનો લોડ વધારો મંજુર કરી
રાબેતા મુજબ નવો લોડ વધારો એગ્રીમેન્ટ કરી રીલીઝ કરવામાં આવેલ.
ત્યારબાદ સદર ગ્રાહક દ્વારા તા.૧૩-૦૨-૨૦૨૩ ના રોજ હયાત ૪૬૦ કેવીએ માંથી ૩૬૦ કેવીએનો ઘટાડો કરી
મૂળ વીજભાર ૧૦૦ કેવીએનો કરવા માટે લોડ ઘટાડાની અરજી કરવામાં આવેલ, પરંતુ સદર ગ્રાહક દ્વારા ઉપર
જણાવ્યા મુજબ તા.૨૮-૦૧-૨૦૨૨ ના રોજ વધારાનો વીજભાર ૮૦ કેવીએ રીલીઝ કરી કુલ વીજભાર ૪૬૦
કેવીએનો કરવામાં આવેલ. આમ છેલ્લા થયેલા લોડ વધારાને SUPPLY CODE 4.102 મુજબ ૦૨ વર્ષ પૂર્ણ
થયેલ ન હોય, સદર ગ્રાહકને લોડ ઘટાડો મળી શકે નહિ. જો ગ્રાહક ઈચ્છે તો, આ અગાઉ થયેલા લોડ વધારાને
એક વર્ષનો સમય હાલ પૂર્ણ થઇ ગયેલ હોય, સપ્લાય કોડના ઉપર દર્શાવેલ ક્લોઝ નંબર ૪.૧૦૨ મુજબ મૂળ
વીજભાર ના ૧૦% ની મર્યાદામાં લોડ ઘટાડો થઇ શકે. પરંતુ સદર કેસમાં માંગેલ લોડ ઘટાડો ૧૦% કરતાં
વધારે હોય, લોડ ઘટાડાની આ અરજી નિયમાનુસાર ગ્રાહ્ય રાખી શકાય એમ ન હોય, આ અરજી અરજદારની
જાણ હેઠળ પત્ર ક્રમાંકનં. નં MD-2/AB/REV/1030 DATE:-02.03.2023 થી દફતરે કરેલ છે.

## ::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી
પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર મેં.ઓમનો ટાઈલ્સ ગામ : બેલા, તાલુકો : મોરબી ખાતે ૪૬૦ કેવીએનું એચટી વીજજોડાણ ગ્રાહક
નં.૩૨૯૦૨ થી એચ.ટી.પી.-૦૧ ટેરીફનું ધરાવે છે. અરજદાર દ્વારા તેઓનો હયાત વીજભાર ૪૬૦ કેવીએ માંથી
૩૬૦ કેવીએનો લોડ ઘટાડો કરવા તા.૧૪.૦૨.૨૦૨૩ દ્વારા તા. રોજ પીજીવીસીએલ સંલગ્ન વિભાગીય કચેરીમાં
અરજી કરેલ છે જે અનુંસધાને પીજીવીસીએલ વિભાગીય કચેરી-૨ મોરબીના પત્ર નં. ૧૦૩૦ તા.૦૨.૦૩.૨૦૨૩
થી અરજદારને જાણ કરેલ છે તે મુજબ અરજદારના સદર વીજજોડાણમાં ૩૮૦ કેવીએ માંથી ૪૬૦ કેવીએ
વીજભાર વધારો તા.૨૮.૦૧.૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ છે જેથી લોડ વધારાના ૦૨ વર્ષ પૂણ થયેલ ન
હોવાથી લોડ વધારાની અરજી નામંજૂર કરેલ છે જેથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

૪.૨ અરજદારના સદર એચ.ટી. વીજજોડાણના કરારિત વીજભારમાં છેલ્લે થયેલ ફેરફારની વિગત નીચે મુજબ છે.

| વીજભાર વધારો મંજુર કરાયેલ તારીખ | કરાયેલ વીજભાર વધારો (કેવીએ) | કરારનામા મુજબ વીજભાર વધારાની ૦૨ વર્ષની મુદત પૂર્ણ થવાની તારીખ |
|---|---|---|
| તા.૨૮.૦૧.૨૦૨૨ | ૩૮૦+૮૦=૪૬૦ | તા.૨૭.૦૧.૨૦૨૪ |

૪.૩ ઉપરોક્ત ૪૬૦ કેવીએ વીજજોડાણ માંથી ૩૬૦ કેવીએ વીજભાર ઘટાડાની અરજી તા.૧૪.૦૨.૨૦૨૩ ના અનુસંધાને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૦૨.૦૩.૨૦૨૩ મુજબ જણાવેલ કે કરારનામાની શરત નં.-૦૩ (બી) " In the event of addition of contract demand on request of the consumer OR increase in contract demand on review by the Distribution Licensee as provided in the "Supply Code" notified by the Hon'ble GERC, the period of Agreement shall automatically be extended for further 2(two) years for entire contract demand from the date of effect of such additional Demand" મુજબ અને નામદાર જીઈઆરસી ના ધારાધોરણો એટલે કે નોટિફિકેશન નંબર ૦૪/૨૦૧૫ નાં મુદા નં. ૪.૧૦૨ મુજબ -૦૨ વર્ષ થયેલ ન હોવાથી- હાલમાં વીજભાર ઘટાડો કરી શકાય નહી, સદર અરજદારની વીજભાર ઘટાડાની અરજી પીજીવીસીએલ પક્ષકાર દ્વારા દફતરે કરેલ છે.

૪.૪ નામદાર જીઈઆરસીના ધારાધોરણો-એટલે કે નોટિફિકેશન નં.૦૪/૨૦૧૫ના મુદા નં.૪.૧૦૨ માં કરાયેલ જોગવાઈ મુજબ" If any Consumer terminates his Agreement within period of 2 years of that commencement of new or additional supply or where no formal Agreement is tendered, if the Supply is not utilized for the period of 2 years which would have been applicable if an Agreement has been tendered), he shall be liable to pay the minimum charges for each month short of the period of 2 years specified in the Agreement or the stipulated period of 2 years in absence of any formal Agreement. Reduction of load to the tune of 10% of the sanctioned load specified in the agreement (formal or informal) should be allowed after l(One) year after the date of the agreement without recovering minimum charge for such reduced load for the period short of the period of 2 years.''

૪.૫ સદર કેસમાં ઉપરોક્ત વિગતોનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે અરજદાર નો કરારિત વીજભાર ૩૮૦ કેવીએ ૦૨ વર્ષથી વધુ સમયથી ધરાવતા હોવાથી ૩૬૦ કેવીએનો લોડ ઘટાડો માન્ય રાખવા ફોરમ સમક્ષ રજુઆત કરેલ છે પરંતુ ઉપરોક્ત મુદા નં.૪.૪ મુજબ સપ્લાય કોડના ક્લોઝ નં. ૪.૧૦૨ મુજબ -૦૨ વર્ષ થયેલ ન હોવાથી- હાલમાં વીજભાર ઘટાડો કરી શકાય નહી પરંતુ મંજુર કરેલ વિજભારના ૧૦% સુધીનો વીજભારમાં ઘટાડાની મંજુરી એગ્રીમેન્ટ તારીખથી ૦૧ વર્ષ બાદ મળશે તે માટે ૦૨ વર્ષની મુદતમાં ખૂટતા સમય માટે ન્યૂનતમ ખર્ચ વસુલાશે નહિ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

ઉપરોક્ત બાબતોને ધ્યાને રાખતા અરજદારની લોડ ઘટાડાની અરજી પીજીવીસીએલ દ્વારા મંજુર કરેલ નથી જે નિયમાધીન યોગ્ય છે વધુમાં રેકોર્ડ મુજબ અરજદાર જો તેઓના હયાત વીજભારમાં ૧૦% લોડ ઘટાડો જરૂર હોયતો કરાવી શકશે જેમાં ન્યૂનતમ ખર્ચ વસુલવામાં આવશે નહિ.

૪.૬ ઉપરોક્ત મુદ્દા નં ૪.૫ મુજબ હુકમ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| Joshi Mitina.n. | | |
| (એન.એચ.જોષી) | (એન.જી.કારીયા) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- ૩, ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં – ૦૨૮૧-૨૯૯૪૧૨૫"